**SAURASHTRA UNIVERSITY**
P.G.T.R. Section
Main office,
First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by NAAC

## પરીપત્ર :–

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભવનોના વડાઓ તથા સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર–ઈન–ચાર્જશ્રીઓ અને સંબંધિત સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને આથી જાણ કરવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ – ૧૯ ની જોગવાઈ અનુસાર " અનુસ્નાતક વર્ગો તથા એમ.ફીલ. માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના હાજરી રીપોર્ટ " વ્યાખ્યાનો પુરા થયા બાદ **એક અઠવાડિયાની** અંદર આ કાર્યાલયને નિયત કરેલા પત્રકમાં અવશ્ય મોકલી આપવાનો રહેશે.

માહે એપ્રિલ/મેં–૧૭ માં લેવાનાર પરીક્ષાઓ શરૂ થાય તે પહેલા વિદ્યાર્થીઓની હાજરીની ચકાસણી કરી તેઓનું સત્ર મંજુર થાય કે કેમ ? તે અંગે ચકાસણી કરી જે વિદ્યાર્થીઓનું સત્ર નામંજુર થતું હોય તે વિદ્યાર્થીને તેની જાણ કરવી જરૂરી છે. આથી યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર–ઈન–ચાર્જશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક સંસ્થાઓના નિયામકશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓનો હાજરી રીપોર્ટ આ કાર્યાલયને નિયત કરેલા ફોર્મમાં સંપૂર્ણ હકીકત સાથે જે તારીખે વ્યાખ્યાનો પુરા થયા હોય તે તારીખ પછી તુરંત જ અચુક મોકલી આપવા વિનંતી છે.

અનુસ્નાતક નિયમ – ૪ ની જોગવાઈ અનુસાર તબીબી સહિત તમામ પી.જી. અભ્યાસક્રમોના યુ.જી.સી. ન્યુ દિલ્હીના તા.૨૬–૦૭–૨૦૦૧ ના પત્ર અન્વયે બી.યુ.ટી. ની તા.૦૪–૦૩–૨૦૦૫ ની સભાએ કરેલ પુન : વિચારણા અને કરેલ ભલામણ સિન્ડીકેટની તા.૨૧–૦૩–૨૦૦૫ ની સભાએ ઠરાવ ક્રમાંક : ૭૨ (૨૫) થી અનુસ્નાતક નિયમ ૪ સુધારતા (પરિપત્ર નં પી.જી.ટી.આર.એ/હાજરી/૭૮/૦૫ તા. ૧૨–૦૪–૨૦૦૫) શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ ના બીજા સત્રથી વિદ્યાર્થીની સત્ર દરમિયાન લેવાયેલ કુલ વ્યાખ્યાનની ૭૫ % હાજરી ફરજીયાત હોવી જોઈએ અને૭૫ % થી ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીનું સત્ર નિયમ પ્રમાણે મંજુર થઈ શકે નહિ. તો તે બાબતની જાણ વિદ્યાર્થીને તથા પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટને તથા પરીક્ષા કેન્દ્રના સિનિયર સુપરવાઈઝરને અવશ્ય કરવાની રહેશે અને આવી જાણ કરવામાં આવેલ નહી હોય તો તેની સંપૂર્ણ જવાબદારી ભવનના અધ્યક્ષશ્રી / અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર–ઈન–ચાર્જશ્રીઅને માન્ય સંસ્થાઓના વડાશ્રીની રહેશે.

૭૫ % થી ઓછી અને ૬૫ % થી ૭૪ % સુધીની હાજરી ધરાવતા વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી માફ કરવાની જોગાવાઈ હતી તે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ સુધી જ હતી, હાલ આ જોગવાઈ રદ કરવામાં આવેલ છે. આ અંગેની નોંધ ભવનના અધ્યક્ષશ્રીઓ અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર –ઈન–ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓએ લેવી તેમજ તે બાબત ધ્યાને લઈ વિદ્યાર્થીઓના હાજરી રીપોર્ટમાં સત્રો મંજુર/નામંજુર દર્શાવવા નમ્ર વિનંતી છે.

બિડાણ :– હાજરી રીપોર્ટ ફોર્મેટ

કુલસચિવ

ક્રમાંક/પીજીટીઆર/૬/હાજરી/બીજાસત્ર/ ૯૨૮ /૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૨૫/૦૪/૨૦૧૭

પ્રતિ,
૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ
૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર–ઈન–ચાર્જશ્રીઓ,
૩. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય અનુસ્નાતક સંસ્થાના નિયામાશ્રીઓ

**નકલ સાદર રવાના ::–**

(૧) પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ તરફ નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવા વિનંતી સહ.
યુનિવર્સિટી સંચાલિત ભવનોના વડાઓ, સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર–ઈન–ચાર્જશ્રી તથા માન્ય સંસ્થાના વડાઓ તરફથી અનુસ્નાતક વિદ્યાર્થીઓની હાજરી ઓછી હોવાને કારણે જેઓના સત્ર નામંજુર થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે નહિં તે ખાસ જોવા વિનંતી છે.

**નકલ સાદર રવાના ::–**
(૧) માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
(૨) એકેડેમિક વિભાગ.
(૩ નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (વેબસાઈટ ઉપર" વિદ્યાર્થીઓના – સત્ર હાજરી રીપોર્ટ શિર્ષક અંતર્ગત Circular માંપ્રસિધ્ધ કરવા માટે)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

વર્ષ :– ૨૦૧૬–૧૭

## હાજરી રીપોર્ટ

ભવન/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક સંસ્થા નું નામ :–.........................................

સરનામું :–.........................................................................

કોર્સ......................... વિષય ........................ સેમેસ્ટર..................

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ પિરીયડ ની સંખ્યા | હાજર રહેલ પિરીયડની સંખ્યા | હાજરી ના % | સત્ર મંજુર/નામંજુર |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

ભવન/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક સંસ્થા ના વડાની સહી :–

સિક્કો :–

તારીખ :–